સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

અનેક વર્ષોથી આનંદ-ઉમંગે દિવાળી ઊજવી છે,
ગજવી છે શેરીઓ, દારૂખાનાથી પ્રજાને પજવી છે,
હવે બાંધ્યા છે આંકના ટોડલે આંસુપાલવના તોરણ -
જીવનમાં નવે-નવ રસની ભવાઈ ભજવી છે.

હાઈકુ

નેતાશ્રી પણ
ગોઠવે છે પ્રવાસ
દેશ-વિદેશે...

ત્રીજી લહેરની
કરજો તૈયારીઓ
લેજો રસીઓ...

ચિંતન

પ્રકૃતિ સંપદા હાનાયકમપિ, રાજ્યં નીયતે ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

પ્રજા જો સમૃદ્ધ હોય તો શાસન-વીહીન રાજ્યનું શાસન પણ સુચારું ઢબે ચાલતું રહે છે.

પ્રજાનો વિચારશીલ, વ્યવહાર દક્ષ, સમજુ, સહનશીલ, ભાવનાશીલ, ઉત્સાહી અને માત્ર રાજ્ય તરફથી અપેક્ષા ન રાખનાર પણ દરેક જ્ઞાતિ-સમાજ-સંપ્રદાય પોતાના ભાંઈ-ભાંડુ પ્રત્યે પોતાના જવાબદારી સમજનાર હોય ત્યારે રાજ્ય તરફથી અપેક્ષા ઓછી રહે છે.

૨૦૦૧માં જ્યારે કચ્છમાં ધરતીકંપ થયો ત્યારે બધા પ્રદેશો ખાસ કરીને 'સ્થાનિક કચ્છી' ઓએ જાતે જ સેવાભાવથી એકમેકને સહાયભૂત થયા હતા. રાજ્ય સરકાર તો ફાઈલ પરની નોંધ અને નિર્ણયોમાં જ અટવાયેલી રહી ગઈ હતી.

ગુજરાતની શિસ્તપ્રિય અને શિક્ષિત પ્રજામાં ધાર્મિક સંસ્કારોને કારણે પછી પાંડુરંગજીના સ્વાધ્યાય હોય કે ગાયત્રી પરિવાર હોય કે જૈનોના વ્યાખ્યાન હોય. પ્રજાની ભાવુકતાને કારણે એકબીજાને મદદરુપ થયા હતા. હાલ પણ વિદેશ રહેતા ગુજરાતીઓ પણ પોતાનાં ગામ-સમાજની સેવા કરે છે. પરિણામે ગુજરાતમાં શાંતિ-એખલાસ જોવા મળે છે. શાસન ઢીલું પડે તો પણ પ્રજા જાતે ઊભી થઈ શકે તેમ છે. પ્રજા સંસ્કારી, શિક્ષિત, શિસ્તપ્રિય હોવી જોઈએ.

સુવિચાર

- સત્ય તમારામાં છુપાયેલું છે, લોકોના અભિપ્રાયમાં નહીં - **ઓશો**
- બીજાને આનંદિત જોઈ ખુશ થવું તે નિરોગીમનનું લક્ષણ છે - **બોધિવૃક્ષ**
- મોટી ઉંમરે દુનિયા દેખાય છે ધૂંધળી પણ સમજાય છે ચોખ્ખી - **એસ. ભટ્ટાચાર્ય**
- જ્યારે આપણે ચિંતાને શ્રદ્ધામાં બદલી નાખીશું ત્યારે ઈશ્વર આપણા સંઘર્ષને આશીર્વાદમાં બદલી નાખશે - **કિષ્નકાન્ત ઉનડકટ**
- પાપ નિઃસંદેહ બુરા હૈ, લેકિન... ઉસસે ભી ભુરા હૈ પૂન્ય કા અહંકાર - **બદ્રીનાથ પટવારી**
- જે વાતો તમને તકલીફ આપે છે. એ જ તમને તાલીમ પણ આપે છે - **મુનિ શ્રી રાજહંસજી**
- આજનું ઔષધ : આમલીના પાનને ઉકાળી પચાસ મિલિ સવાર-સાંજ આ પાણીનું સેવન કરવાથી લિવર સ્વસ્થ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક રાજાએ નગરના મુખ્ય ચાર રસ્તા પર બધાને નડતરરુપ થાય એ રીતે એક મોટો પત્થર મૂકી દીધો. લોકોની પ્રતિક્રિયા જોવા માટે રાજા એક મોટા ઝાડની પાછળ વેશપલટો કરીને સંતાઈ ગયો. પત્થર રસ્તાની વચ્ચોવચ પડેલો હોવાથી ત્યાંથી પસાર થતા બધા જ રાહદારીઓને ખૂબ નડતો હતો. બધા પોતાનો ગુસ્સો વ્યક્ત કરી ચાલતા જતા હતા. કોઈ રાજાને ગાળો આપતા તો કોઈ પથ્થરની બાજુમાંથી ચૂપચાપ પસાર થઈ જતા પણ કોઈ પથ્થરને ઉપાડીને એકબાજુ નહોતી મૂકતા.

એક સાવ સામાન્ય મજૂર જેવો માણસ પોતાના ખભા પર મોટો વજન લઈને જતો હતો. એણે આ પથ્થર જોયો એટલે એ ઊભો રહી ગયો. પોતાના ખભા પરનો ભાર બાજુમાં મૂકીને એ પથ્થરને હટાવવાનો પ્રયાસ કરવા લાગ્યો. આસપાસથી પસાર થતા લોકોમાંથી કોઈ એમની મદદ કરવા માટે આવતું ન હતું.

હિંમત હાર્યા વગર એણે પોતાના પ્રયાસ ચાલુ રાખ્યા અને અંતે એણે એ પથ્થરને હટાવીને બાજુ પર ખસેડી દીધો. પથ્થરની નીચે એક નાની થેલી હતી. એણે એ થેલીમાં જોયું તો થોડા સોનાના સિક્કા અને એક ચિઠ્ઠી હતી. ચિઠ્ઠી હાથમાં લઈને વાંચી તો એમાં લખ્યું હતું 'આ પથ્થર હટાવનાર મારા નગરના આદર્શ અને મહેનતકશ નાગરિકને નાની એવી ભેટ.'

શુભ-લાભનો સંકલ્પ કરીએ....

તંત્રીસ્થાનેથી...

શ્રીમદ્ ભગવદ્ ગીતાના અંતિમ ચરણમાં ભગવાન વેદવ્યાસે મૂકેલો શ્લોક યાદ આવે છે. જેના હૃદયમાં 'ઈંદીવર શ્યામ' - હાજરાહજૂર જનાર્દન વિરાજતા હોય એને તો સદાસર્વદા લાભ જ લાભ મળે. દરેક સંઘર્ષમાં એ વિજયને જ વરે. એને કદી પરાજય જોવા વારો આવે જ નહીં. અર્જુનના હૃદયમાં વસી ગયેલા કૃષ્ણ આપણા હૃદયમંદિરમાં પણ બિરાજે છે. જરા ઢંઢોળશો કે તરત હોંકારો દેશે. વરસ બદલાય છે ત્યારે આપણે પણ થોડા બદલાઈ જઈએ છીએ. જે વીતી ગઈ એ રાત કદાચ ઘોર અંધકાર ભરી હશે તોય આપણે તો એને શતસહસ્ર દીવડા પ્રગટાવીને દિવાળીમાં ફેરવી દીધી હતી. અમાસને સવાઈ પૂનમ બનાવવા જેટલી અંતર્નિહિત ક્ષમતા સાથે આ પુણ્યવતી ભૂમિમાં આપણને અવતાર સાંપડ્યો છે. એટલે વિભીષિકાઓ તો આવે ને જાય; કુદરતી આફતો અને મહામારી ન આવે તો આપણને વારસામાં મળેલી એ પ્રચંડ તાકાતનો પરચો પણ શી રીતે થાય! એટલે કૃષ્ણ એની બાળલીલા હજી ભૂલ્યો નથી. આપણા હૃદયમાં પણ એણે એક ગોકુળ રચી દીધું છે અને ત્યાં પણ એ જંપીને બેસતો નથી. એ અસુરોને ધોબી પછાડ આપતો રહે છે અને કોરોના જેવા કંસનો વધ કરી જાણે છે. છેલ્લી બે દિવાળીઓમાં આપણે એની આ લીલાનો બરાબર અહેસાસ કરતા રહ્યા છીએ. એણે ભલભલા મહારથીઓનાં માન ઉતારી દીધા - જોયું નહીં ? એક 'અબળા' એ દુર્ગાનું રૂપ ધારણ કરીને કેવું પ્રરાક્રમ કરી બતાવ્યું વિવેકાનંદ અને ટાગોરની ભૂમિમાં ! હવે આપણે એક વધુ પડકારરૂપ તબક્કામાં પ્રવેશ્યા છીએ. ગુજરાત આગામી સમયમાં એના નવા રખેવાળ ચૂંટશે. બીજાં કેટલાક રાજ્યોમાં પણ વર્તમાન સરકારો કસોટીની એરણે ચડશે. ક્રિકેટમાં સંગ્રામમાં વિશ્વ વિજેતા થઈ જવાથી પાડોશી દેશ ભારત કરતાં સૈન્ય શક્તિમાં ચડિયાતો નથી થઈ જવાનો. પણ એની આડોડાઈ તો એ નહીં જ છોડે. વિશ્વનેતા તરીકે મોખરે રહેલા વડાપ્રધાન એમના કાર્યકાળ દરમિયાન પાકિસ્તાનમાં ગેરકાયદેસર રીતે સમાવાયેલ તથાકથિત 'આઝાદ કાશ્મીર' ને સાચેસાચી આઝાદી અપાવી શકે તો રંગ રહી જાય. ઈંદિરા ગાંધીએ પૂર્વ પાકિસ્તાનને બાંગ્લાદેશ બનાવી એક ઈતિહાસ રચ્યો હતો. મોદી-શાહની જુગલજોડી પાક અધિકૃત કાશ્મીરને ભારતમાં ભેળવી એ ઈતિહાસ પર છોગું ચડાવી શકે. સેના તો એ સિદ્ધિ મેળવવા તૈયાર જ છે. એક વાર 'આઝાદ' કાશ્મીરની પ્રજા જ મૂળ કાશ્મીર સાથે ભળવા તૈયાર હશે તો ચીન કે યુનાઈટેડ નેશન્સ પણ એમાં ડખો કરતાં વિચાર કરશે. જો કાશ્મીર ભારતનો જ અભિન્ન અંગ હોય તો એને ઈમરાનખાનની દયા પર છોડી દેવાની જરૂર જ ક્યાં છે ? લાભપાંચમના પુનિત પર્વ પર ચાલો આપણે એવો શુભ સંકલ્પ કરીએ કે શ્રી અરવિંદે સેવેલું અખંડ ભારતનું સપનું સાકાર થાય. જૈનો માટે આ માત્ર લાભપાંચમ નથી - એ જ્ઞાનપંચમી છે. જ્ઞાનની નવી ક્ષિતિજો સતત ખૂલી રહી છે. ભારત જગદ્‌ગુરુ પદે યુગો સુધી રહ્યું. ફરી એકવાર એ નવી યુગ ચેતના અને આધ્યાત્મિક અભિગમ સાથે વિશ્વની સૌથી ઊર્જાવંત ભૂમિ બને એવી પ્રાર્થના કરી આપણે નવા યુગમાં પદાર્પણ કરીએ.

હે પ્રભુ હું અંગત લાભ જતો કરીને પણ દરેકમાં શુભ જોઉં

વિચારયાત્રા
ડો. જય ઓઝા

આજે લાભપાંચમ છે ત્યારે વિચાર આવે કે આપણે આપણો લાભ બીજાના અશુભ થકી તો નથી કરી રહ્યા ને? કારણ કે આપણને લાભ અને શુભ બંને સાથે જોઈએ છે. આપણો લાભ કોઈ બીજા માટે અશુભકારક ન જ બનવો જોઈએ.

આજે આપણે જાતે જ નક્કી કરી નાખતા હોઈએ છીએ કે અમુક પ્રકારનું ખોટું તો સમાજમાં કરવું જ પડે નહીંતર જીવાય નહીં. આ અમુક પ્રકારનું ખોટું'ની વ્યાખ્યા વળી પાછા આપણે જ બનાવતા હોઈએ છીએ. દલા તરવાડીની જેમ પોતે જ ચોર અને પોતે જ ન્યાયાધીશ બનીને છટકબારી સાથે આગળ વધતા જઈએ છીએ. ખૂબ મોટી મોટી નૈતિકતાની, સત્ય, અસ્તેય જેવી ભારેખમ વાત નહીં પણ બીજાના સુખે સુખી થવાવાળી વાતને પણ જો જીવનમાં ઉતારીએ તો ચોક્કસપણે નૈતિક ઉત્થાન દ્વારા આખા સમાજનું ઉત્થાન થવાનું જ થવાનું.

નાની નાની વાતો એટલે શું ? સૌથી પહેલાં તો પ્રકૃતિના ભોગે મારા સુખની ઈમારત તો હું ચણીશ જ નહીં.

મૂંગા અબોલ પશુઓના શુભમાં મારો લાભ જોઈશ. પહેલો સગો તે પાડોશી એ ન્યાયે આપણી આસપાસ વસતા આપણા પડોશીઓ સાથેનો ઘરોબો વધુ ઘનિષ્ઠ બનાવીને તેમની સાથે આત્મીયતા કેળવીને નાની-નાની વાતો વહેંચી આનંદ પામીશ અને પમાડીશ.

આમાં મને શું ફાયદો તેવું વિચારીને માત્ર નિજ સ્વાર્થ માટે જ નહીં પણ બીજાના પણ લાભ માટે મારા મનમાં શુભ સંકલ્પો કરીશ. સિગ્નલ પર ડાબી બાજુ ખાલી રાખીને સાઈડમાં ઉભો રહીને ન્યુસન્સ નહિ વધારું.

જ્યારે બીજાનું શુભ એ જ મારો લાભ તે ગણિત સમજાઈ જશે ત્યારે લાભ શુભના સ્ટીકર ઘરના બારણે નહીં અંતરમાં ચોંટી જશે.

આજે આપણે કોઈ પણ ક્રિયા કરીએ કોઈપણ કામ કરીએ છીએ એ પછી કોઈ સામાજિક સંસ્થા હોય કે પછી ઓફિસ હોય જ્ઞાતિ કે સમાજ કોઈપણ કાર્ય પાછળ આપણું ચોક્કસ ગણિત હોય છે કે આમાં મને શું ? અને મારું શું ? આ શબ્દો જળોની જેમ આપણા ચિત્તમાં ચોટેલા છે.

આપણે લાભ લઈ લેવામાં કે કોઈનો ઉપયોગ કરી લેવામાં પોતાની હોશિયારી સમજીએ છીએ. સામાવાળાનો કેવો ઉપયોગ કરી લીધો એનો કેવો લાભ લઈ લીધો એના આધારે જ સમાજ પણ હોશિયારીનું સર્ટિફિકેટ આપતો હોય છે.

કોઈનું ભલું કરવામાં ઠગાઈ ને ઘરે આવતા પોતાના સંતાનને જો આપણે ખીજાવાને બદલે તેની પીઠ થાબડીએ તો તેનામાં નાનપણથી બીજાનું શુભ કરવાનો જ વિચાર આવશે.

બીજાના આનંદમાં પોતાનો આનંદ શોધવાની જે મજા છે એ ખરેખર બીજે ક્યાંય નથી. અને આ કંઈ બહું મોટી ફિલોસોફીની કે વાત નથી.

આનો અનુભવ તમે કરી શકશો જ્યારે તમે એમનેમ જ કોઈ મકરસંક્રાંતિના પર્વ વગર ગાયને ઘાસ ખવડાવો, આપણા સ્વજનની પુણ્યતિથિ કે જન્મદિવસ વગર કોઈ વંચિત પરિવારને થોડી મદદ કરો, પર્યાવરણ દિવસની રાહ જોયા વગર એમનેમ જ પોતાના બગીચાના વૃક્ષની સંભાળ લેતા હોય એમ જ રસ્તા પરના ડિવાઈડરની વચ્ચે ઉગાડેલા વૃક્ષની કાળજી લેવાનું મન થઈ આવે, અમસ્તું અમસ્તું જ કોઈ કારણ વગર જ કોઈને લાભ કરી આપવાની વાત સૂઝી આવે એ જ ક્ષણથી આપણામાં શુભત્વનો આરંભ થઈ જાય છે.

ચાલો લાભપાંચમને શુભપાંચમ બનાવીએ. શુભ પાંચમ. માત્ર પાંચમ જ નહીં. ત્રીસેય દિવસ. માત્ર ૩૦ દિવસ જ નહીં ૩૬૫ દિવસ અને માત્ર ૩૬૫ દિવસ જ નહીં જીવનભર આપણે લાભને શુભમાં ઓગાળી દઈએ.

- jayuoza@gmail.com,
Mo.9898046488

નોબેલ વીનર ગુરનાહની લેખિનીને વિશ્વ સમસ્તના પ્રબુધ્ધોએ હૃદયપૂર્વક કેમ પોંખી?



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

દિવાળીની રજાઓ એટલે મન ભરાય ત્યાં સુધી વાંચવાનુ અને હદયનો ઉભરો શાંત થાય એટલા લોકોને સ્નેહથી મળવાનુ. અબ્દુલ રઝાક ગુરનાહના વિચારો અને એમની લેખીનીને માણવાનો જબરજસ્ત મોકો મળી ગયો. આમ પણ આજકાલ અબ્દુલ રઝાક ગુરનાહના નામની ચારે બાજુ ચર્ચા છે. જગતભરના સાહિત્ય સર્જકો ગુરનાહમાં ઊંડી દીલચશ્પી લઈ રહ્યા છે. તાન્ઝાનિયાના આ સર્જકને વર્ષ ૨૦૨૧ના સાહિત્ય નોબલ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. 'પેરેડાઈઝલ્ન નામના દાદુ પુસ્તકના સર્જન માટે ગુરનાહને નોબલ પુરસ્કાર આપવામાં આવનાર છે. આફ્રિકન દ્વીપ સમુહના ઝાંઝીબારમાં વર્ષ ૧૯૪૮માં ગુરનાહનો જન્મ થયો. ત્યાર બાદ તાન્ઝાનિયામાં એમનું બાળપણ વિત્યું. બાળપણથી યુવાનીના ઉંબરે પહોંચતા સુધીમાં ગુરનાહે અનેક ઝંઝાવાતો જોઈ. એ સમય હતો ઝાંઝીબારની ક્રાંતિનો. આ ક્રાન્તિમાં આરબ શાસનના પતન બાદ ગુરનાહ ભારે હૈયે તાન્ઝાનિયા છોડીને ઈંગ્લેન્ડ શરણાર્થી તરીકે આવીને વસ્યા. ઈંગ્લેન્ડમાં આવીને એમણે કહ્યું હતું કે, 'મારા દેશમાં હજુ પણ ઘણાં લોકો ભારે સંઘર્ષ કરી રહ્યા છે. આતંકી ઓછાયાવાળા પ્રદેશમાંથી મારા દેશના લોકો ભાગીને બીજા દેશમાં જઈ રહ્યા છે.'

સવાલ એ છે કે, વિશ્વ સમસ્તના પ્રબુદ્ધ વાચકોએ ગુરનાહની લેખિનીને હૃદયપૂર્વક કેમ પોંખી રહ્યાં છે ? યુનાઈટેડ કિંગ્ડમમાં ગુરનાહ શરણાર્થી તરીકે રહેતા હતા ત્યારે તેમણે ઘણાં સંઘર્ષનો સામનો કર્યો. જીવનના અનેક અભાવોમાં ગુરનાહે પોતાનું અલગ ઘડતર કર્યું. તેમના શબ્દોમાં શણાર્થીઓના સંઘર્ષમય જીવનને બહેતરીન ઉઘાડ મળતો થયો. એમની કરૂણાસભર ભાષા વિશ્વભરના લોકોને હૃદયસ્પર્શી લાગતી. જગતભરના લોકોના હૃદયમાં એમના લખાણથી પ્રેમના પુષ્પો અંકુરીત થતાં. પ્રેમ અને કરુણામય લેખન માટેની ગુરનાહની અલગ ઓળખ ઊભી થઈ.

'વાસાફિરી' નામની એક પત્રિકામાં સહસંપાદક તરીકે પણ ગુરનાહે સેવાઓ આપી છે. ગુરનાહ કેન્ટ વિશ્વવિદ્યાલયમાં સાહિત્ય અને અંગ્રેજીના વિષયો ઉપર વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ કરતાં. વર્ષ ૨૦૦૫માં આવેલો એમનો ઉપન્સાયસ 'ફેલાવ' અને ૨૦૧૧માં આવેલા ઉપન્યાસ 'ધ લાસ્ટ ગિફ્ટલ્લને વર્ષ ૨૦૦૬માં રાષ્ટ્રમંડલ સાહિત્ય પુરસ્કાર માટે નોમિનેટ કરવામાં આવ્યા હતા. મેમરી ઓફ ડિપાર્ચર, પીલગ્રીમ્સ વે અને દોટ્ટી એમના આ ત્રણ ઉપન્યાસમાં એમણે શણાર્થીઓના અનુભવો અને સંઘર્ષોની ગાથાઓ સુપેરે વ્યક્ત કરી છે.

'પેરેડાઈઝ' નામના ઉપન્યાસમાં પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન પૂર્વી આફ્રિકાના પ્રદેશોની આસપાસ લખાયું હતું. 'પેરેડાઈઝ'ને પણ બુકર પુરસ્કાર માટે નોમિનેટ કરવામાં આવ્યું હતું અને હવે 'પેરેડાઈઝ' માટે ગુરનાહને નોબલ પુરસ્કાર મળશે. વર્ષ ૧૯૯૭માં આવેલા એમના 'એડ માયરીંગ સાયલેન્સ'માં એમણે એક એવા યુવકની કહાની નિરૂપી છે કે જેણે ઝાંઝીબાર છોડીને ઈંગ્લેન્ડમાં પ્રવેશ કરી ત્યાં લગ્ન કરીને શિક્ષક બની જાય છે. ૨૦ વર્ષ પછી ફરી પાછો એ યુવક માતૃભૂમિમાં પરત ફરે છે અને એક બેઘર, નિઃસહાય યુવકના લગ્ન અને જીવનની વાર્તા લખે છે.

ગુરનાહના લેખનમાં ગુલામીની ઝંઝીરોમાંથી પુનર્વસન અને આત્મચિંતન ઉજાગર થતું હોય છે. શણાર્થીઓનું જીવન કેવી રીતે બદલાય, શણાર્થીઓ નવેસરથી કેવી રીતે નીખરે છે, ભૌગોલિક પરિસ્થિતિ જીવન પર કેવો પ્રભાવ પાડે છે વગેરે બાબતોને ગુરનાહે એમના પુસ્તકોમાં પ્રમુખ ભૂમિકા આપી છે. ૧૮ વર્ષની યુવા અવસ્થાએ જ્યારે ગુરનાહે માતૃભૂમિ છોડી ત્યાર બાદ હંમેશા પોતાના સાહિત્યમાં શણાર્થીઓની દૂરદશાનું નિરૂપણ કરવાનો એમણે પ્રયાસ કર્યો છે.

૨૦૨૧માં ગુરનાહને મળેલા નોબલ પુરસ્કાર પહેલાં વર્ષ ૨૦૨૦માં અમેરીકી કવયિત્રી લુઈસ ગ્લુકને સાહિત્ય ક્ષેત્રે નોબલ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. લુઈસ યેલ યુનિવર્સિટીમાં અંગ્રેજીની પ્રાધ્યાપિકા હતી. એની કવિતાઓમાં મોટા ભાગે પારિવારિક સંબંધો, શૈશવકાળ, માતાપિતા અને ભાઈ બહેનો સાથેના પ્રેમાળ સંબંધો પ્રતિપાદિત થતાં. સાહિત્ય ક્ષેત્રેના નોબેલ પુરસ્કારની વાત નીકળે ત્યારે સહજ પ્રશ્ન એ થાય કે આ નોબેલ પુરસ્કાર છે શું? સ્વીડનના આલ્ફ્રેડ નોબેલે ડાયનેમાઈટ વિસ્ફોટકની શોધ કરી. જગતભરમાં આલ્ફ્રેડના આ સંશોધનને ખૂબ સન્માન મળ્યું. પરંતુ આલ્ફ્રેડની આ શોધનો વિશ્વના દેશોએ અવળો ઉપયોગ કરીને સંહાર લીલા આચરી. આલ્ફ્રેડનું હૃદય આ બાબતથી ખૂબ વ્યથિત થઈ ગયું. તેણે પ્રાયશ્ચિત કરવા માટે પોતાની વસીયતમાં નોબેલ પુરસ્કારોની વ્યવસ્થા ઉજાગર કરી. આલ્ફ્રેડે એની વસિયતમાં લખ્યું કે એની સંપત્તિનો મોટો હિસ્સો પ્રતિવર્ષ માનવજાતિના ઉર્દ્ધગામી ઉત્થાન માટે ઉત્કૃષ્ટ યોગદાન આપવા માટે કામ કરવાવાળા લોકોને સન્માનિત કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે.

વર્ષ ૧૯૦૧થી શરૂ થયેલા સાહિત્ય ક્ષેત્રે નોબેલ પુરસ્કારને અત્યાર સુધીમાં બે વર્ષ માટે સ્થગિત કરવામાં આવ્યો છે. એક તો વર્ષ ૧૯૪૩માં બીજા વિશ્વ યુદ્ધ વખતે અને બીજું ૨૦૧૮માં સ્વીડીશ એકેડેમીના જ્યુરી મેમ્બર કટરીનાના પતિ અને ફ્રાન્સિસી ફોટોગ્રાફર જેમ ફ્લોર અર્નોલ્ટ ઉપર યૌનશોષણ માટે આરોપો મૂકવામાં આવ્યા ત્યારે એમ બે વખત સાહિત્ય ક્ષેત્રના નોબલ પુરસ્કારને સ્થગિત કરવામાં આવ્યા હતા.

બેક ટુ ગુરનાહ. ગુરનાહના લખાણો મોટા ભાગે જર્મન, અરબિક અને સ્વાહિલીના વિવિધ ભાગોને સંકલિત કરીને રજૂ કરે છે. જો કે, ગુરનાહ કહે છે કે, એમના પુસ્તકોમાં સ્વાહિલી અને અરબી સંદર્ભોને અંગ્રેજીકરણ કરવાનું તેમના પ્રકાશકો હંમેશાં દબાણ કરતાં. દસ નવલકથાઓ પૈકી મોટા ભાગની નવલકથાઓમાં સામાજિક અને માનવીય સંવેદનાને લગતા મુદ્દાઓ ઉપર ગુરનાહનુ વધુ ફોકસ રહ્યું છે. વિશેષ કરીને વિકાસશીલ દેશોમાં રહેતાં યુદ્ધ અને કટોકટીથી પ્રભાવિત વ્યક્તિઓનું તાદ્રશ્ય દસ્તાવેજીકરણ એમણે કર્યું છે. એમણે લખેલી નવલકથાઓમાં એકને બાદ કરતાં તમામ નાયકો ઝાંઝીબારમાં જન્મ્યા હતાં. ગુરનાહની દસ નવલકથાઓનું ફેર લીસ્ટ જાણવા જેવું છે. મેમરી ઓફ ડિપાર્ચર, પીલગ્રીમ્સ વે, ડોટ્ટી, પેરેડાઈઝ, એડમાયરીંગ સાયલન્સ, બાય ધ સી, ડેઝર્ટ સન, ધ લાસ્ટ ગીફ્ટ, ગ્રેવલ હાર્ટ અને આફ્ટર લાઈફ.

શ્વેત પ્રજા દ્વારા જગતમાં ફેલાયેલા સંસ્થાનવાદને કારણે વિશ્વના કરોડો નિરાશ્રીતોનું ભાવિ અને તેમની સંસ્કૃતિ અનિશ્ચિત બનીને હિલોળા લે છે. આ બાબતોનો ગુરનાહને સુપેરે અનુભવ હતો. એમણે નિરાશ્રિતોના જીવનને ઉજાગર કરતાં હૃદયસ્પર્શી લખાણો દ્વારા ઉત્તમ સાહિત્યનું સર્જન કર્યું. ગુરનાહની આખી કથામાં એક વાત તો સ્પષ્ટ છે કે, સંઘર્ષમય જીવનમાં જિંદગીના ઊર્ધ્વગામી પાસાઓને વિકસવાનો જે અવસર મળે છે તેને સમજવાની અને અભિવ્યક્ત કરવાની આંતરિક શક્તિઓ વ્યક્તિ પાસે હોય જ છે. જરૂર છે, આ આંતરિક શક્તિઓને ખીલવવાની. જરૂર છે, જગતને જીવનના ઉત્તમ પાસાઓથી અવગત કરાવવાની.

ધબકાર :

જ્યારે સંઘર્ષના સમયમાં પ્રયત્નોની ઊંચાઈ વધુ હોય ત્યારે નસીબે પણ નીચા નમીને એનો સત્કાર કરવો પડે છે.

નવા દિવસો... નવી આશા...

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

મહાકવિ કાલીદાસે કહયું છે એમ આપણે ઉત્સવ પ્રેમી પ્રજા છીએ..તહેવારો આપણા માટે તાજગીનો પર્યાય છે..તળપદી બોલીમાં તહેવાર માટે પરબલું શબ્દ વપરાય છે.એમાં ભીની માટીની સુગંધ છે..એકધારી જિંદગી માણસને શુષ્ક બનાવે છે..તહેવાર એને નવો લય આપે છે.અવનવા તહેવારો માણસ માટે આશીર્વાદ સમાન છે..આપણે ત્યાં દિવાળીના દિવસોને નવા દિવસો કહી નવાજવામાં આવે છે.એમાં તહેવારો માટેનો ભારોભાર પ્રેમ પ્રગટ થાય છે..



દિવાળી એ દીપોત્સવનો તહેવાર છે..ગાઢ અંધકાર વચ્ચે પ્રકાશ પાથરતાં કોડિયાં એ આશાના પ્રતિક સમાન છે..આજે તો અવનવી રોશની અને લાઈટોના ઝગમગાટે નવા વરસના માહોલને ધરમૂળથી બદલી નાખ્યો છે..તહેવારો માટેની આપણી આસ્થા એની એ જ હોય છે.દિવાળી પહેલાંના દિવસોને અમારે ત્યાં નવા દિવસો તરીકે નવાજવામાં આવતા...ચકમકતા એવા આ દિવસોની શું મજા હતી! સૌ પરબલાંમાં દિવાળીનો દબદબો જ અનોખો..નવો ઉઘાડ નવો ઉમંગ નવી આશા એ જાણે પર્વોનો પર્યાય છે.

ચોમાસું વિલાય અને ઝરમર વરસતો વરસાદ પોતાનો કારોબાર ભાદરવાના પહેલા પખવાડીયાથી આટોપવા માંડે..આકાશમાં ઉઘાડ અને હેલીની જુગલબંધી ચાલ્યા કરે..પણ અનુભવી લોકો કહેતા ભાદરવો સીધેસીધો ચાલ્યો જાય તો વાંધો નહીં પણ જો વરસવાનું ચાલુ કરે તો અષાઢ-શ્રાવણની ઓપનિંગ જોડીને પણ ઝાંખી પાડી દે..!ભાદરવાનો તાપ પણ બાળી નાખે એવો..એમ જોઈએ તો એનું વલણ જ અંતિમવાદી...ઘેરઘેર બિમારીના ખાટલા અને દવાખાને લાગતી લંગાર..પણ શ્રાધ્ધની શરૂઆતથી એનો ખોફ જરાક ધીમો પડે..નવાં નોરતાં કુમકુમ પગલે શરૂ થાય એટલે વિધિવત ચકમકતા નવા દિવસો શરૂ થાય..એની તો વાત જ શું કરવી...!

આસોના આરંભે આકાશ વરસી વરસીને જાણે કોરું પડી ગયું હોય..હવામાં એક અનોખી સુગંધ ધીમા પગલે પ્રસરતી લાગે..આસોનો આરંભ...દિવસ કરતાં રાત્રે વધારે રળિયામણો લાગે..ગરબે ઘૂમતાં પરસેવો થાય પણ તોય ધરપત એટલી કે થોડીક ખુલ્લી જગ્યામાં જઈને ઉભા રહીએ તો ઠંડી લ્હેરખીઓ દરિયાપારથી ઉમટી પડી હોય એમ ભેટી પડે..,ચોમાસે આપણે મોકલેલી ધસમસતી નદીઓ સુખરૂપ એના ગંતવ્યસ્થાને પહોંચી ગઈ છે એની છડી પોકારતી હોય એમ..!

અમારા પંથકમાં તો નદીઓ પણ બધી કુમારિકાઓ...એના નસીબમાં સાગર ક્યાંથી હોય..?ભરયુવાનીમાં ઝાંઝવાંને ભીંજવતી બનાસ, રૂપેણ, સરસ્વતી એ બધી જ પાકટ અવસ્થાએ ભળી જાય મરૂભૂમિના મોહપાશમાં..!રણ એટલે આમ તો મૃત દરિયો જ કહેવાય. આ બધી લોકમાતાઓના સ્પર્શથી ઉતરતા ચોમાસે એ થોડુંક સળવળતું લાગે...બાકી તો એની અફાટ એકલતા આ નદીઓને પોતાનામાં સમાવી એક સફેદ ચાદર બનીને ફેલાઈ જાય..!

નવા દિવસો દશેરા પછી બરાબર રંગ પકડે..ગામડામાં એ દિવસે હવન થાય..વલોણાનાં ઘી યજ્ઞમાં હોમાય એક સાત્વિક સુગંધ તરબતર કરી જાય..ફાફડા જલેબીની ઉકળતી ભટ્ટીઓ એ તો શહેરી મલકની નરી કૃત્રિમતા..દશેરાના દિવસે લાડુનું જમણ એતો દેવોને પણ દુર્લભ...દશેરા પછી શરદપૂનમ સુધીના દિવસો આમ તો ભૂલી બિસરી યાદોને વાગોળવામાં જ વીતી જાય..સાંજ જલદી ઢળી જાય..અંધારૂં પણ નમણું લાગે. ત્યારે વિજળીનો મેકઅપ ન હતો..અક્ષુણ્ણ અંધારનો નિખાર આખા ગામને લપેટાઈ જતો..આકાશમાં તારાઓનો વૈભવ કોઈ ધનિકનો ખજાનો ખુલ્લો પડી ગયો હોય એવો લાગતો..અને ચાંદો ખાલી ચોકમાં જ નહીં પાદર સુધી પીળાશ પાથરી દેતો..નોરતાંની નવલી રાતો અને એની યાદનો વિષાદ રાત્રીની નિરવતાને વધારે ઘેઘૂર કરી દેતો..મારી જિંદગીમાં સાક્ષાત્કારની જો કોઈ પળો હોય તો કામલપુર ગામમાં નીરવ રાત્રીએ ખુલ્લા આકાશમાં જોયેલો એ અદ્ભૂત નજારો...!

શરદપૂનમ ઉમંગને ફરી એક ધક્કો મારતી હોય એવું લાગે..ચાંદો ચારેકોર પથરાઈ જતો લાગે.સતત પરિશ્રમ પરસ્ત એવાં એ જન ને એના સૌંદર્યની કદાચ ભલે ખબર ના હોય પણ એનાં મૂલ તો એ કરી જ જાણે..એ પછીના દિવસો નવા વરસની છડી પોકારતા જાતજાતની તૈયારીઓમાં ઝડપથી વહી જાય..નવાં લૂગડાં..નવો શણગાર..નવેસરથી સજીધજીને સજ્જ થતાં ખોરડાં..મબલખ ખેતરો અને છલકાતાં ખળાં...નદી કૂવામાં નવાં નીર..આ બધો પ્રતાપ એ નવા દિવસોનો...! દરેક પ્રદેશની ભાષાનો પણ એક આગવો વિકાસક્રમ હોય છે જે જીવાતા જીવનના પ્રતિઘોષ જેવો હોય છે..

આજના જગતની સમસ્યા એકધારાપણું છે..જીવન વહે છે એટલે સારું લાગતું હોય છે...સ્થગિતતા એક રોગ જેવી હોય છે..અટકી જવામાં જ કટાઈ જવાની ઘટના ભળેલી હોય છે..તહેવારો આપણી સ્થગિત જિંદગીને નવી ગતિ આપે છે..એ રીતે જોઈએ તો એક નવો અર્થ આપે છે..એનું વૈવિધ્ય આપણા બંધિયાર મનોજગતને સંકોરે છે..નવી હવાનો અ